**PRESS RELEASE**

# ફ્લિપકાર્ટ હોલસેલે કિરાણા અને સ્થાનિક એમએસએમઈ માટે ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું

**ફેશન કેટેગરી સાથે બી2બી હોલસેલ સેક્ટરમાં પ્રવેશ કર્યો, પ્રથમ તબક્કામાં 50 બ્રાન્ડ્સ અને 250થી વધુ સ્થાનિક ઉત્પાદકોને ઓનબોર્ડ કરવાનો ઉદ્દેશ્ય**

**કિરાણા, રિસેલર્સ અને એમએસએમઈ પાસે સરળ ધિરાણ સુવિધા, એશ્યોર્ડ ક્વોલિટી પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી, ફ્લિપકાર્ટ ઈકોસિસ્ટમ પાસેથી માઇક્રો-માર્કેટ લેવલ બી2બી અને બી2સી જાણકારી તેમજ સરળ ઓર્ડર ટ્રેકિંગની સુવિધા**

**બેંગાલુરુ, 2 સપ્ટેમ્બર, 2020 –** ભારતમાં ઘરેલુ સ્તરે વિકસિત ફ્લિપકાર્ટ સમૂહના ડિજિટલ બી2બી માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટ હોલસેલે સ્થાનિક ઉત્પાદકોને રિટેઈલર્સ સાથે જોડવા તથા ટેક્નોલોજીના ઉપયોગથી તેમની આંગળીના ટેરવે સમગ્ર હોલસેલ માર્કેટપ્લેસ લાવવાના ઉદ્દેશ્ય સાથે પોતાની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

ફ્લિપકાર્ટ હોલસેલ રિટેઈલ ઈકોસિસ્ટમ માટે વન-સ્ટોપ સોલ્યુશન છે, જે ભારતીય ઉદ્યોગોની વૃદ્ધિના લક્ષ્ય સાથે તેમને ટેક્નોલોજી આધારિત અને નોંધપાત્ર મૂલ્ય સાથે પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી ઓફર કરશે. હાલમાં આ પ્લેટફોર્મ ગુરુગ્રામ, દિલ્હી અને બેંગાલુરુમાં ફેશન રિટેલર્સ માટે વિશેષ કરીને ફુટવેર અને એપરલ્સમાં ઉપલબ્ધ છે તેમજ તેને મુંબઈમાં પણ વિસ્તારવાની યોજના છે.

વર્ષના અંત સુધીમાં ફ્લિપકાર્ટ હોલસેલ હોમ એન્ડ કિચર, ગ્રોસરી જેવી કેટેગરીમાં વધુ 20 શહેરોમાં વિસ્તરણની યોજના ધરાવે છે. રિટેઈલર્સ માટે ગુગલ પ્લે સ્ટોર જેવી એપ દ્વારા અનુકૂળ રીતે ઉપલબ્ધ તેવું આ બી2બી પ્લેટફોર્મ બે મહિનામાં 300થી વધુ વ્યૂહાત્મક ભાગીદારો અને 2 લાખથી વધુ લિસ્ટિંગનો ઉદ્દેશ્ય ધરાવે છે. વધુમાં આગામી દિવસોમાં પ્લેટફોર્મ 50 બ્રાન્ડ્સ અને 250થી વધુ સ્થાનિક ઉત્પાદકોના ઓનબોર્ડિંગને સક્ષમ બનાવશે.

ફ્લિપકાર્ટ હોલસેલના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને હેડ આદર્શ મેનને જણાવ્યું હતું કે, ફ્લિપકાર્ટ હોલસેલ ભારતીય કિરાણા અને એમએસએમઈના બિઝનેસને ટેક્નોલોજીના ઉપયોગથી સરળ બનાવીને તેમના માટે સમૃદ્ધિનું સર્જન કરવાનો મુખ્ય આધાર ધરાવે છે. સમૂહમાં બી2બીમાં મજબૂત ક્ષમતાઓ સાથે અમે કિરાણા અને એમએસએમઈ જેવાં નાના ઉદ્યોગોને ટેક્નોલોજી દ્વારા નોંધપાત્ર મૂલ્ય ઉપર વિશાળ શ્રેણી પ્રદાન કરીને તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું, જેથી તેમનું જીવન સરળ બને. કરિયાણા, સામાન્ય વેપાર અથવા ફેશન સહિતના આ બિઝનેસિસ પાસે આકર્ષક સ્કીમ અને પ્રોત્સાહનો સાથે પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી માટે વન-સ્ટોપ એક્સેસ ઉપલબ્ધ રહેશે, જે સાથે સ્ટોક સિલેક્શન માટે ડેટા-આધારિત ભલામણો રહેશે. આ વધુ સારી કાર્યક્ષમતાઓ માટે ઝડપી અને વિશ્વસનીય નેટવર્ક દ્વારા ડિલિવર કરાશે.

ફ્લિપકાર્ટ હોલસેલના ગ્રાહકો પાસે રોકડ પ્રવાહના વ્યવસ્થાપન માટે સરળ ધિરાણ સુવિધા, ફ્લિપકાર્ટ એશ્યોર્ડ ક્વોલિટી પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી, સરળ અને અનુકૂળ ઓર્ડન રિટર્ન તેમજ સરળ ટ્રેકિંગ સુવિધા સાથે તેમની દુકાનોમાં ઝડપી પ્રોડક્ટ ડિલિવરી મળશે.

ફ્લિપકાર્ટ હોલસેલ ગ્રાહકો ફ્લિપકાર્ટ ઈકોસિસ્ટમ પાસેથી માઈક્રો માર્કેટ લેવલ બી2બી અને બી2સી જાણકારી હાંસલ કરવા સક્ષમ બનશે, જેથી તેઓ તેમના વિસ્તારમાં ગ્રાહકોની ચોક્કસ માગને સમજી શકશે અને પરિણામે તેઓ સાચી પ્રોડક્ટ્સનું ખરીદ અને વેચાણ કરી શકશે. ફ્લિપકાર્ટ હોલસેલ બેસ્ટ પ્રાઈઝ ટીમ સાથે બ્રાન્ડ્સ સાથે મજબૂત સંબંધો, કિરાણાને સેવાઓ પ્રદાન કરવાના બહોળા અનુભવ તેમજ બેસ્ટ પ્રાઈઝ સ્ટોર્સના સંચાલનમાં 12 વર્ષથી વધુના અનુભવ સાથે ઉદ્યોગોને ઉત્તમ અનુભવ પ્રદાન કરશે. તે મૂલ્યવાન જાણકારી અને ઓન-ગ્રાઉન્ડ નિપૂણતા પ્રદાન કરશે, જેનાથી ફ્લિપકાર્ટના હોલસેલ બિઝનેસના કેન્દ્રમાં રહેલાં કિરાણા અને એમએસએમઈ માટે જરૂરી મોડલને વિકસાવી શકાય અને તેને બળ આપી શકાય.

ભારત વિકસતું બજાર છે અને ફ્લિપકાર્ટ હોલસેલનું લોન્ચ કિરાણા અને એમએસએમઈ માટે બિઝનેસને સરળ બનાવવાની દિશામાં એક પગલું છે, જેઓ ભારતીય રિટેઈલ ઈકોસિસ્ટમનો અભિન્ન હિસ્સો છે. તેઓ ફ્લિપકાર્ટની ઘરેલુ સ્તરે વિકસિત મજબૂત ટેક્નોલોજી ક્ષમતાઓ, કન્ઝ્યુમર ઈ-કોમર્સ સેગમેન્ટમાં મજબૂત નેતૃત્વ અને ભારતમાં ઉદ્યોગ અંગેની પૂરતી સમજનો લાભ લઈ શકશે.

ફ્લિપકાર્ટ હોલસેલ વિશે વધુ માહિતી માટે જૂઓ - https://flipkartwholesale.com/

ફ્લિપકાર્ટ હોલસેલ એપ ગુગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે.

## About the Flipkart Group

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 250 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, PhonePe, India's fastest growing digital payments platform, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please write to media@flipkart.com.**